# શેરથા, ચિલોડા અને સરઢવ, ઉવારસદ ખાતેથી ૨૧ જુગારી ઝડપાયા

## પોલીસે ૯૦,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરી-જિલ્લા વિસ્તારમાં શ્રાવણીયો જુગાર જામ્યો છે. જુગારીઓ એકઠા થઈને જગ્યા મળે ત્યાં બાજી માંડીને બેસી જાય છે. ત્યારે શેરથા, ચિલોડા અને સરઢવ,ઉવારસદ ચાર વિવિધ સ્થળે ચાલી રહેલા જુગારધામ પર સ્થાનિક પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી જુગાર રમી રહેલા ૨૧ જુગારીઓને રોકડ,મોબાઈલ તેમજ વાહન સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન મળી આવેલા રૂ.૯૦,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસે શેરથા કટ પાસે આવેલી પુરોહિત હોટલના પાર્કીંગમાં જુગાર રમતા જુગારીઓમાં કલોલના સોમાભાઈ મેલાબાઈ રાવળ, હિંમતજી ભુપતજી વાઘેલા,સંજયભાઈ સોમાભાઈ રાવળ, સંજય રમેશભાઈ રાવળ તેમજ કડીનો જશુજી ખોડાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૧,૫૮૦ જપ્ત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જયારે બીજી તરફ તારાપુર ગામે કોઠીવાળા વાસમાંથી જુગાર રમતા ચાર જુગારી અડાલજ પોલીસના હાથે પકડાયા છે. જેમાં ગામના અશોકજી જયંતિજી ઠાકોર,



ભરતજી ખોડાજી ઠાકોર, પરબતજી બાદરજી ઠાકોર, મહેશજી જયંતિજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ રૂ. ૧૧,૨૩૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે ચિલોડા પોલીસે જાખોર ગામે ઈન્દિરાનગર ખાતે જુગાર રમી રહેલા ૬ જુગારીને પકડી પાડ્યા હતા. ચિલોડા પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી જુગાર રમી રહેલા જાખોરાના રાહુલ બાબુભાઈ રાઠોડ, બાબુજી આતાજી ઠાકોર, ઉદાજી રૂપસંગજી ઠાકોર, વિજય દાનાજી રાઠોડ, દોલારાણા વાસણાનો ઉદયસિંહ શંકરસિંહ વાઘેલા તેમજ શિવા અરજણભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ. ૧૨,૯૭૦ જપ્ત કરી જુગારધાર, જાહેરનામા ભંગ અને અધિનિયમનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે પેથાપુર પોલીસે સરઢવ ગામની સીમમાં આવેલા ખેતરમાંથી જુગાર રમી રહેલા ૬ જુગારીઓને બાતમીને પગલે ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા જુગારીઓમાં સરઢવ ગામના રમેશજી વરસંગજી ઠાકોર, રમેશભાઈ સોમાભાઈ પટેલ, ભરતજી મોનાજી ઠાકોર, ગંગારામ હીરજીજી ઠાકોર, મુકેશજી જામાજી ઠાકોર, તેમજ માણસાના માણેકપુરના પ્રવિણજી મણાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૦,૧૨૦ રોકડ તેમજ ૩ મોબાઈલ એક બાઈક મળીને કુલ રૂ. ૫૫,૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં ધાબા પર ચાલતુ જુગારધામ ઝડપાયું

## પોલીસે ૧૪ જુગારીઓ પાસેથી ૧,૦૯,૮૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં પ્લોટ નં.૨૬૫-૨ મકાનના ધાબા પર ચાલી રહેલા જુગારધામ પર રાત્રીના સમયે સેકટર-૨૧ પોલીસ ત્રાટકી હતી.સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે મહાવીરસિંહ રાણા અને સુરેન્દ્રસિંહ જગદીશસિંહને ખાનગી રાહે બાતમી મળતા જુગારીઓના રંગમાં પોલીસે ભંગ પાડ્યો હતો. ધાબા પર જુગાર રમી રહેલા ૧૪ જુગારી પોલીસના હાથે પકડાયા હતા. જેમાં ૮ જુગારી સેકટર-૨૫ ના સ્થાનિક છે, જયારે ૪ જુગારી સેકટર-૨૪ ના તેમજ એક જુગારી સેકટર-૧૫ નો હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે જુગારીઓમાં પિતા-પુત્ર અને બે સગાભાઈઓ પણ હોવાનું સામે આવ્યું છે. જુગારીઓ પાસેથી રોકડા રૂ. ૨૪,૮૦૦ તેમ ૧૦ મોબાઈલ ફોન કિં.૮૫,૦૦૦ મળીને કુલ રૂ. ૧,૦૯.,૮૪૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



### ધાબા પરથી પકડાયેલા જુગારીઓ

- કાનજીભાઈ લીલાભાઈ રબારી ઉં.૪૧ રહે. પ્લોટ નં.૬-૧ સુર્યનારાયણ સોસાયટી સેકટર-૨૫
- બળદેવભાઈ ચંદુભાઈ પટેલ ઉં.૪૬, રહે.૨૬૫-૨ સુર્યનારાયણ સોસાયટી
- પ્રકાશભાઈ વસંતભાઈ દરજી ઉં.૪૫ રહે.એ-૨૮-૩૩૦ સહયોગ એપાર્ટમેન્ટ
- કેતન મનસુખલાલ રાજકોટીયા ઉં.૩૫ રહે. મ.નં.૫૧-૨૧૫ શ્રીનગર સોયાટી સેકટર-૨૪
- પ્રકાશ મહેન્દ્રભાઈ દરજી ઉં.૩૩ રહે.મ.નં.૭૭-૧ સુર્યનારાયણ સોસાયટી
- જગુજી બબાજી ઠાકોર ઉં.૩૧, પ્લોટ નં.૧૨૫૬-૧ સેકટર-૧૫
- ચિરાગ જીતેન્દ્રભાઈ પટેલ ઉં.૨૨ રહે. મ.નં.૩૦૦-૧ શ્રીજી એપાર્ટમેન્ટ ડી બ્લોક કુડાસણ ગાંધીનગર
- રોહન બળદેવભાઈ પટેલ ઉં.૨૩. રહે. પ્લોટનં. ૨૬૫-૨ સુર્યનારાયણ સોસાયટી
- વિવેક રણછોડ પટેલ ઉં.૨૫ રહે. મ.નં.૧૫૧-એ-૧ સુર્યનારાયણ સોસાયટી
- ભાવેશ રમેશકુમાર તૈલી ઉં.૧૯ રહે.૩૧૭ ડબલ ડેકર સેકટર-૨૪ ગાંધીનગર
- અજય રમેશકુમાર તૈલી ઉં.૨૨ રહે. ૩૧૭ ડબલ ડેકર સે-૨૪ ગાંધીનગર
- પાર્થ વિનુ પરમાર ઉં.૨૪ રહે. મ.નં.૮૧-૨ સે-૨૫ સુર્યનારાયણ સોસાયટી
- ઉમંગ જયદિપસિંહ વાઘેલા ઉં.૨૪ રહે. મ.નં.૨૭૬-૨ સે-૨૫ સુર્યનારાયણ સોસાયટી
- હકીમ ઉસ્માનભાઈ બારૈયા ઉં૩૦, રહે મ.નં.૩૪-૧૩૬, શ્રીનગર સોસાયટી સેકટર-૨૪ નો સમાવેશ થાય છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારે જુગાર રમતાને પકડવા કરતાં સહેલું કામ આપુ છું... કોઈ પણ માણસ વાંદરા જેવાં ન લાગતો હોય તેની પાસેથી હજાર રૂપિયા લઈ લેવાના...

## જન્માષ્ટમીના પાવન પર્વે સૌ નાગરિકોને શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જન્માષ્ટમીના પવિત્ર પર્વે રાજ્યના સૌ નાગરિકોને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભકામના સંદેશામાં જણાવ્યું છે કે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ હર્ષ અને પરમ આસ્થા સાથે ઉજવવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે પ્રબોધેલા મૂલ્યવાન જીવન આદર્શો સૌના કલ્યાણની ઉન્નત ભાવનાને આત્મસાત કરવા અને ફળની ચિંતા કર્યા વગર નિષ્ઠાપૂર્વક કર્મ કરવાની સૌને પ્રેરણા આપી છે.



આગામી શનિવારે સમગ્ર દેશ સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યો છે અને સરકારી તંત્ર દ્વારા આ ઉજવણીની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે રાજ્ય સરકારનો અધિકૃત સ્વતંત્રતા મહોત્સવ ગાંધીનગર ખાતે ઉજવવાનો હોવાથી પાટનગરમાં તેની વિશેષ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કલેકટર કચેરી સહિત વહીવટી તંત્રની ઈમારતોને રોશનીથી ઝાકમઝોળ કરવા કારીગરો કામે લાગ્યા છે.

## રાજ્યમાં ભારે વરસાદની આગાહી

આગામી પાંચ દિવસ (૧૧થી ૧૫ ઓગસ્ટ) દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે વરસાદ લાવે તેવી બીજી સિસ્ટમ પણ સક્રિય થઈ છે. જેથી આગામી ૫ દિવસરાજ્યના અનેક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડે તેવી સંભાવના છે. સોમવારે પણ રાજ્યના કેટલાય જિલ્લાઓમાં હળવેથી મધ્યમ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદ પડ્યો હતો. તો કેટલીક જગ્યાએ છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. રિપોર્ટ મુજબ ગુજરાતમાં ચોમાસું જોરદાર રીતે સક્રિય થઈ ગયું છે.

## વકીલોના વારસદારોને ૧.૫૦ કરોડની સહાયતા

અમદાવાદ,તા.૧૧

ગુજરાત એડવોકેટ વેલફેર ફંડમાં સભ્ય બનનાર ધારાશાસ્ત્રી પૈકી મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓની મૃત્યુસહાય અરજીઓ અંગે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની મળેલી બેઠકમાં વારસદારોને એક કરોડ ૫૦ લાખ ચુકવવાનો નિર્ણય કરેલ છે.બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન સી.કે પટેલ એકઝીક્યુટીવ કમિટીના ચેરમેન રમેશચંદ્ર પટેલ તેમજ બાર કાઉન્સીલના સભ્ય અનિલ કેલ્લા તથા મનોજ અનડકટ ની હાજરીમાં મળેલ બેઠકમાં નિયમિત રીન્યુઅલ ફી ભરનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને મૃત્યુસહાય અંગે બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

વર્તમાન સમયમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા વાર્ષિક રીન્યુઅલ ફી, વેલફેર ફંડના ધારાશાસ્ત્રીઓએ ભરવાનું ફરજીયાત કરવામાં આવેલ છે. આ ધારાસભ્યોના વારસદારોને ૩ લાખ ૫૦ હજાર ચુકવવામાં આવે છે. છેલ્લા છ માસમાં ગુજરાતમાં અંદાજે ૧૫૦ ઊપરાંત મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને રુપિયા ૩ કરોડ ૭૦ લાખ જેટલી રકમ ચુકવવામાં આવેલ છે.

## ખૂણેખાંચરેથી


- ૧૫મી ઓગષ્ટની ઉજવણી માટે તંત્ર ગળાડૂબ બની ગયુ છે. ૧૩, ૧૪ ના રોજ ખાસ રિહર્સલ પણ યોજવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે ગાંધીનગર કમિશનરને પત્ર લખી રાયસણ ગામની ગટરોની સફાઈ કામગીરી સત્વરે હાથ ધરવા માંગ કરી છે.
- રાજ્ય આરોગ્ય સેવા વર્ગ-૧ ના અધિકારી ડૉ. પ્રકાશ વાઘેલાની સ્વૈચ્છીક નિવૃત્તિને સરકારે મંજૂરી આપી છે.
- ગાંધીનગર શહેરમાં ૨૨૦૦થી વધુ ઘરોમાં તંત્ર દ્વારા સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ઘરોમાં કરવા માટે નગરજનો દ્વારા તૈયારીઓ પૂરજોશમાં કરવામાં આવી છે.

# કોરોના સામેની લડાઈ સાચી દિશામાં જઈ રહી છે : રૂપાણી

### પાંચ માસમાં સરકાર અને કોરોના વોરિયર્સે પૂર્ણ સમપર્ણ, મહેનત સાથે કોરોના સામે સંઘર્ષ કર્યો : સ્થિતિમાં સુધારો

ગાંધીનગર,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કોરોના સંક્રમણ અને નિયંત્રણ-સારવારની સ્થિતીની રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે આ વર્ચ્યુએલ બેઠકમાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પાછલા પાંચ મહિનામાં રાજ્ય સરકાર અને કોરોના વોરિયર્સે પૂર્ણ સમર્પણ, મહેનત સાથે આ વૈશ્વિક મહામારી સામે સફળ સંઘર્ષ કરીને સ્થિતીમાં અનેકગણો સુધારો કર્યો છે. વિજય રૂપાણીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વમાં દેશ આખો કોરોના સામે જંગ લડી રહ્યો છે અને આ લડાઈ સાચી દિશામાં જઈ રહી છે. આપત્તિને અવસરમાં પલટાવીને આ મહામારી સામે પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત કોરોનાની મહામારીને હરાવાવા પ્રતિબદ્ધ છે.મુખ્યમંત્રીએ ગુજરાતે ૭૬ ટકા જેટલા પેશન્ટ રિકવરી રેટ સાથે કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારમાં ઉલ્લેખનીય કામગીરી કરી છે તેની વિગતો આપી હતી.તેમણે કહ્યું કે, રાજ્યમાં આજની સ્થિતીએ અંદાજે ૧૪ હજાર એકટીવ કોરોના કેસ સામે ૫૫ હજારથી વધુ લોકોનો સારવાર બાદ સાજા થઈ પોતાના ઘરે પણ ચાલ્યા ગયા છે. વિજય રૂપાણીએ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ ટેસ્ટ કોરોના અંગેના કરવામાં આવ્યા છે તેની છણાવટ કરતાં કહ્યું કે, રાજ્યની કુલ વસ્તીના સાપેક્ષમાં દરરોજ દર ૧૦ લાખે ૪૫૬ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.તેમણે ઉમેર્યુ કે, આટલી મોટી સંખ્યામાં ટેસ્ટીંગની સુવિધાના હેતુસર ૩૪ સરકારી લેબોરેટરી સાથે ૫૯ લેબ કાર્યરત છે. આ ઉપરાંત દરેક જિલ્લા અને મહાનગરોમાં રેપીડ એન્ટીજન ટેસ્ટની પણ સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં લગભગ ૪૭ હજાર કોવિડ બેડ તેમજ ૨૩૦૦ વેન્ટીલેટર્સ પણ કોરોના સંક્રમિતોની સઘન-ત્વરિત સારવાર માટે કાર્યરત છે તેની વિગતે જાણકારી આપી હતી.તેમણે અમદાવાદ મહાનગરમાં ખાનગી હોસ્પિટલો સાથે કોવિડ-૧૯ના દર્દીઓને વિનામૂલ્યે ઈલાજ સારવારના તેમજ અન્ય દર્દીઓના રાહત દરે સારવારના પી.પી.પી. મોડેલની સુપ્રીમ કોર્ટ, નીતિ આયોગ અને હાઈકોર્ટ પ્રસંશા કરી છે તેની વિગતો પ્રધાનમંત્રીને આપી હતી.મુખ્યમંત્રીએ રાજ્યમાં મોબાઈલ મેડીકલ વાન-ધનવંતરી રથ દ્વારા નાગરિકોને ઘર આંગણે ઓ.પી.ડી. વ્યવસ્થા આપવામાં આવે છે તેની સફળતા વર્ણવતા કહ્યું કે, રાજ્યભરમાં આવા ૧ હજારથી વધુ ધનવંતરી રથના માધ્યમથી એક મહિનામાં બાવન લાખ લોકોને આરોગ્ય સેવાઓ પુરીપાડવામાં આવી છે.



ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા 'સ્વચ્છ ભારત મિશન' યોજના અંતર્ગત ઉજવાઈ રહેલ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૮મી ઓગષ્ટથી તા. ૧૫મી ઓગષ્ટ દરમિયાન સમગ્ર દેશમાં 'ગંદકી મુકત ભારત' અભિયાન છેડવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત યોજાનારા કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારી શાલીની દુહાન દ્વારા વેબીનારના માધ્યમ થકી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



### સીંદબાદ હોટલ પાસેથી ૨ ચેઈન સ્નેચર અને સોની સહિત ૩ ઝડપાયા

ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદમાં ચેઈન સ્નેચીંગના ગુના કરનારી ટોળકીના સભ્યો અને તેમની પાસે પાસેથી ચોરીની ચીજવસ્તુ ખરીદતા સોનીને પણ એલસીબી પોલીસે દબોચી લીધો છે.ચેઈન સ્નેચીંગના ૧૮ ગુનાનો ભેદ ઉકેલીને પોલીસે કડીના સોની પાસેથી રૂ.૨.૬૩ લાખના સોનાના દોરા રીકવર કર્યા છે. પોલીસે સીંદબાદ હોટલ સામે બ્રિજ નજીકથી ચેઈન સ્નેચીંગના આરોપી મહેશ કાળાજી ઠાકોર, અજય ઉર્ફે ભુદર રાવળ અને રજાકભાઈ જુસબભાઈ મેમણ (સોની) દાગીના લેનારને પોલીસે પકડી પાડ્યા હતા.

## શિક્ષણ ખાતા દ્વારા વિદ્યાર્થીઓને ઈનોવેશન કરવા માટે વેબિનાર

રાજ્યમાં ડિફેન્સના નવા નવા ઈનોવેશન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાના ઉદ્દેશ્યથી આજે શિક્ષણ વિભાગના ઉપક્રમે આઈ-હબ 'માઈન્ડ ટુ માર્કેટ-ડિફેન્સ ઈનોવેશન ચેલેન્જહ્ વિષયે વેબીનાર યોજાયો જેમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા સહભાગી થયા હતા.આ વેબીનારમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે, યુવાનોમાં રહેલ સ્કિલને સાચી દિશા આપીને ડિફેન્સ ક્ષેત્રે ઈનોવેશન કરવા ગુજરાતનો આ નવતર અભિગમ છે. વિશ્વમાં સૌથી વધુ ભારત પાસે યુવાધન છે ત્યારે, સંરક્ષણ ક્ષેત્રે સ્ટાર્ટઅપથી રાષ્ટ્રની સુરક્ષા વધુ સઘન બનાવવામાં યુવાઓનું યોગદાન અમૂલ્ય પુરવાર થશે.મંત્રી ચુડાસમાએ ઉમેર્યું હતું કે, આજે વૈશ્વિક સ્તરે ટેકનોલોજીની હોડ છે ત્યારે, રાષ્ટ્રની સુરક્ષા આધુનિક ટેકનોલોજીના માધ્યમ દ્વારા વધુ સઘન બને અને આ આધુનિક ટેકનોલોજી સુરક્ષાની દ્રષ્ટિએ સ્વદેશી હોય તે પણ તેટલું જ આવશ્યક છે. વૈશ્વિક કોરોના મહામારીના સમયે ગુજરાતના યુવાનો સંરક્ષણ ક્ષેત્રે સ્ટાર્ટઅપ કરી આપત્તિને અવસરમાં બદલી ગુજરાતને 'આત્મનિર્ભર ભારતહ્ની દિશામાં આગવું સ્થાન અપાવશે તેઓ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.મંત્રી જાડેજાએ ઉમેર્યુ હતું કે રાજ્ય સરકારે પોલીસ તંત્ર માટે 'વિશ્વાસહ્ અને 'આશ્વસ્તહ્ પ્રોજેકટ અમલી બનાવી રાજ્યની કાયદો વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી છે. સાથે આ સ્ટાર્ટઅપ થકી વોર-ડિફેન્સ માટે અગત્યની બે બાબતો વેપન અને ઈન્ટેલિજન્સ અત્યાધુનિક બનશે. રાજ્યમાં આઈટી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે તૈયાર થઈ રહેલા વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપથી યોગ્ય પ્લેટફોર્મ પૂરું પડાશે, જેના થકી તેઓ 'સ્કિલ વીથ વીલહ્ થકી સંરક્ષણ ટેકનોલોજી ક્ષેત્રે નવા પડકારો ઝીલી સાચા દિશા નિર્દેશનથી રાષ્ટ્રીય સુરક્ષાને વધુ સઘન બનાવાશે.

## ડભોડા ખાતે જન્માષ્ટમીના રોજ યોજાનાર લોકમેળો બંધ રહેશે

ચિલોડા, તા. ૧૧

ડભોડા જયશ્રી

ડભોડીયા હનુમાનજી મંદિર ખાતે તા. ૧૨-૮-૨૦૨૦ ને બુધવારના રોજ જન્માષ્ટમીના રોજ યોજાનાર લોકમેળો વર્તમાન સ્થિતિને લઈ સદંતર બંધ રાખવામાં આવેલ છે. અને તે દિવસે મંદિરના દર્શન પણ બંધ રાખવામાં આવેલ છે. તેવુ શ્રી હનુમાન મંદિર ટ્રસ્ટ, ડભોડા દ્વારા જણાવવામાં આવે છે.